ગોંડલ રોડ પર બે લાખની લૂંટ

એચ.ડી.એફ.સી. બેંકમાંથી નાણા લઈ નીકળેલા જ્યોતિ સીએનસીના એકાઉન્ટન્ટ ભાવેશભાઇ પરમારને હેલ્મેટધારી બે લૂંટારૂઓ કાલાવડ-માધવપુરાનું સરનામું પૂછવાના બ્હાને લૂંટી ગયા: પોલીસ કાફલો દોડયો

તસ્વીરમાં જયાં બનાવ બન્યો તે ડોડીયા પાન નામની દુકાન પાસે એકઠા થયેલા લોકો તથા ઈટર્નો સ્કુટર અને જેનો થેલો લુંટાયો તે ભાવેશભાઈ ઈન્સેટ તસ્વીરમાં નજરે પડે છે.(તસ્વીર: સંદીપ બગથરીયા)(૧.૪૮)

સિદ્ધરાજસિંહ જાડેજા, ખોડુભા જાડેજા સહિતનો સ્ટાફ બનાવ સ્થળે પહોંચ્યો હતો. જો કે હદ એ-ડીવીઝનની આવતી હોઈ ઈન્ચાર્જ ડી.એન.પટેલ તથા સ્ટાફે જરૂરી કાર્યવાહી કરી છે. સરનામું પુછી લુંટ કરતી ગેંગ વધુ એકવાર પોલીસનું નાક કાપી ગઈ છે.(૧.૪૮)

રાજકોટ, તા. ૩ :. આજે બપોરે ગોંડલ રોડ પર આવેલા ડોડીયા પાન નજીક એકટીવા પર પસાર થઈ રહેલા મેટોડાની જાણીતી જ્યોતિ સીએનસી કંપનીના કર્મચારીને આંતરી બે હેલ્મેટધારી લૂંટારા બે લાખની લૂંટ કરી ગયાની ઘટના બહાર આવતા પોલીસ કાફલાઓએ દોડધામ શરૂ કરી છે.

સરનામું પુછી લૂંટ કરતી ગેંગ ફરી પોલીસનું નાક કાપી ગઇ

એચડીએફસી બેંકમાંથી નાણા ઉપાડી ભાવેશભાઈનો કર્મચારી ગોંડલ રોડ પર જઈ રહ્યો હતો ત્યારે આ ઘટના બની હતી. આ લખાય છે ત્યારે ભક્તિનગર પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવાઈ રહી છે. હમણા હમણા બનેલી લૂંટની ઘટનાઓમાં વધુ એકનો ઉમેરો થયો છે જો કે અગાઉની ઘટનાઓ નજર ચુકવી પૈસા સાથેની થેલીની ચોરી કરવાની હતી જ્યારે આ વખતે લૂંટારાએ મોડસઓપરેન્ડી ફેરવી છે.

વધુ માહિતી મુજબ ગોંડલ રોડ પર ડોડીયા પાસ પાસે ભરબપોરે બે લાખની રોકડ ભરેલા થેલાની લુંટ થતા સનસનાટી મચી ગઇ છે. આ લુંટમાં પણ સરનામું પુછીને લુંટ કરતી ગેંગની સંડોવણી ખુલી છે.

જાણવા મળ્યા મુજબ મેટોડામાં આવેલ જયોતી સીએનસી ઓટોમેશન પ્રા.લી.ના એકાઉન્ટન્ટ ભાવેશભાઈ બટુકભાઈ પરમાર (ઉ.વ.૪૧) બપોરે રાજકુમાર કોલેજ પાસે આવેલી એચડીએફસી બેંકમાંથી બે લાખ રોકડા ઉપાડી આ રકમ થેલામાં રાખી ગોંડલ રોડ ઉપર પહોંચ્યા હતા અને ડોડીયા પાન નામની દુકાનેથી પાન લીધા બાદ થેલો પગ વચ્ચે રાખી પોતાનું ઈટર્નો સ્કુટર નં.જીજે ૩એઆર-૭૦૯૦ સ્ટાર્ટ કર્યુ હતુ ત્યાં જ એક બાઈક પર ૩૦ થી ૪૦ વર્ષના હેલ્મેટ પહેરેલા બે શખ્સો આવ્યા હતા જેમાં એક શખ્સે કાલાવડ માધાવપુરા કઈ બાજુ જવાય તેમ પૂછયુ હતુ. ભાવેશભાઈએ હાથ લાંબો કરી રસ્તો બતાવ્યો ત્યાં જ બાઈકમાં પાછળ બેઠેલા શખ્સે તેના પગ વચ્ચે રાખેલો રોકડનો થેલો ખેંચી લીધો હતો અને રોંગ સાઈડમાં જ ભાગી છુટયા હતા.

બનાવની જાણ થતા જ ભક્તિનગરના પી.એસ.આઈ. ડી.એમ.સદાવ્રતી, રાઈટર સિદ્ધરાજસિંહ જાડેજા, ખોડુભા જાડેજા સહિતનો સ્ટાફ બનાવ સ્થળે પહોંચ્યો હતો. જો કે હદ એ-ડીવીઝનની આવતી હોઈ ઈન્ચાર્જ ડી.એન.પટેલ તથા સ્ટાફે જરૂરી કાર્યવાહી કરી છે. સરનામું પુછી લુંટ કરતી ગેંગ વધુ એકવાર પોલીસનું નાક કાપી ગઈ છે.(૧.૪૮)

હેવાન બાપ

ગોધરા પંથકના બખ્ખર ગામના દલપત અંદરસિંહ નાયકે તેની ૧૦ વર્ષની માસુમ - સગી પુત્રીને પડીકી લઈ જવાના બહાને નજીકના છાપરામાં ઉપાડી જઈ, બળાત્કાર ગુજારતા ચારેકોર ફીટકાર વરસી રહ્યો છે. આ પછી રડતી - કણસતી બાળકીને તેની માતા ૧૦૮ એમ્બ્યુલન્સમાં હોસ્પીટલે લઈ ગયેલ. પોલીસ આ હરામી-નીચ પીતાને શોધી રહી છે. આ બાળા પ મા ધો.માં ભણે છે.



સૌરાષ્ટ્રના સાગરકાંઠે બપોરબાદ વાદળાઓ છવાઈ ગયેલા જોવા મળે છે. છેલ્લામાં છેલ્લી ઉપગ્રહ તસ્વીરમાં અરબી સમુદ્રમાં ઢગલા મોઢે વાદળાઓની વણઝાર જોવા મળી છે. આ ઉપરાંત દેશના અન્ય આસામ-પ.બંગાળ-ઓરિસ્સા-બિહાર-છત્તીસગઢ-આંધ્રના વિસ્તારો ઉપર પણ વાદળાઓ છવાયેલા છે.(૧.૩૯)

આગામી બે દિ'માં-રવીવાર સુધીમાં સૌરાષ્ટ્રના ૭૫ ટકા વિસ્તારોમાં ૨ થી ૩ ઇંચ વરસાદ પડશે: અશોકભાઇ પટેલનો નિર્દેશ

મિલ્કત પોતાના નામે કરાવી લેવા જનેતાને જાનથી મારી નાખવાની ધમકી આપનાર પુત્રની ધરપકડ

રાજકોટ, તા., ૩: લોહાણા સમાજમાં ચકચાર જગાવતો કિસ્સો બહાર આવ્યો છે. બે પુત્રોએ તેમના માતા-પિતાના વસિયત ઉપર ભાગ પાડયા હતા! થોડા સમય પછી એક પુત્રએ માતાના નામે રહેલી મિલ્કત પોતાને નામે કરાવવા જનેતાને જ જાનથી મારી નાખવાની ધમકી આપતા આજે આ પુત્રની ધરપકડ કરવામાં આવી હતી.

મળતી માહીતી મુજબ શારદાબેન હરજીવનદાસ સામાણી નામના ૬૫ વર્ષના વૃધ્ધાએ તેના પુત્ર મનીષ હરજીવનદાસ સામાણીએ મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસ કમિશ્નર સમક્ષ અરજી કરતા તપાસ ક્રાઇમ બ્રાંચને સોંપાઇ હતી. ક્રાઇમ બ્રાંચે બંને પક્ષોને બોલાવી સાંભળ્યા હતા. અંતે ફરીયાદમાં તથ્ય જણાતા આજે મનીષની પોતાની સગી જનેતાને ધમકી આપવા બદલ ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસ તપાસમાં એવું ખુલ્યું હતું કે, શારદાબેન અને તેમના પતિના બે પુત્રોએ થોડા વર્ષો પહેલા માતા-પિતાના વસિયત ઉપર ભાગ પાડયા હતા. વસિયત મુજબ શારદાબેન નાના પુત્ર મનીષના ભાગે આવ્યા હતા. જયારે તેના પિતાનું લાલન-પાલન તેના મોટા પુત્રને સોંપાયું હતું. નાનો પુત્ર અપરણિત હતો ત્યાં સુધી બધુ બરોબર ચાલ્યું હતું પરંતુ થોડા સમય પહેલા મનીષના લગ્ન થતા માતા ખટકવા લાગી હતી. માનસીક ત્રાસથી કંટાળી શારદાબેન મોટા પુત્રના ઘેર તેમના પતિ સાથે રહેવા રાણીટાવર (કાલાવડ રોડ) પર જતા રહયા હતા. છતાં ગાંધીગ્રામ કષ્ટભંજન શેરી નં. ૩ માં આવેલું મકાન લખાવી લેવા મનીષ દ્વારા માતા શારદાબેનને ધાક-ધમકીઓ અપાતી હતી. આજે ક્રાઇમ બ્રાંચના પીઆઇ દિગુભા વાઘેલા, જીવણભાઇ પટેલ, કરશનભાઇ આહીર અને હરપાલસિંહે વિધીવત ગુન્હો દાખલ કરી મનીષની ધરપકડ કરી હતી.(૭.૧૯)

પેટ્રોલની જેમ 'દિલ' બળે છે પણ જાહેરમાં એક પેટ્રોલના ભાવ વધારા સામે ભાજપના બન્ને જુથો સાથે

રાજકોટ, તા. ૩ : કેન્દ્ર સરકારે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો ઝીકતા તેના વિરોધમાં પ્રદેશ ભાજપની સૂચના મુજબ આજે શહેર ભાજપ દ્વારા કલેકટરને આવેદન આપવાનો કાર્યક્રમ યોજાયેલ સંસદની ચૂંટણી પછીના આ પ્રથમ કાર્યક્રમમાં વિ.રૂ. જુથ અને અમીધારા જુથના અગ્રણીઓ સાથે જોવા મળેલ. અમીધારા જુથના પ્રથમ હરોળના એક-બે અગ્રણીઓ આજે રાજકોટમાં હોવા છતાં કાર્યક્રમમાં દેખાયેલ નહિ તે સિવાઈના 'નોંધપાત્ર' અગ્રણીઓની હાજરી હતી.

ભાજપના બન્ને જુથો વચ્ચેનું અંતર હજુ ઓછું થયું નથી પરંતુ પાર્ટીના કાર્યક્રમમાં બન્ને જૂથોએ એકતા બતાવવાનું યોગ્ય (અથવા જરૂરી) ગણ્યું છે. ભાજપના એક જુથની ભગવતીપરા વિસ્તારની કથિત મીટીંગ ચર્ચા જગાવી છે. શહેર પ્રમુખની ચૂંટણી પૂર્વે બન્ને જુથો શું કરે છે તે જોવાનું રહ્યું.(૬.૨૩)

છેલ્લે છેલ્લે...

એજી સોસાયટી (કાલાવડ રોડ), યુનિવર્સિટી રોડ ઉપર શિવશકિત કોલોની તથા પંચાયતનગરના વિસ્તારોમાં બપોરે રા વાગ્યા આસપાસ સારો વરસાદ: અન્યત્ર તડકો-છાંયો: મોટી ટાંકી વિસ્તારમાં પણ જોરદાર ઝાપટુ

ન્યુ રાજકોટમાં ૧૩ ભુતિયા નળ કનેકશન પકડાયા

વોર્ડ નં. ૨, ૧૦, ૧૨ અને ૧૪ માં પાણીચોરી: વેસ્ટ ઝોનની ટૂકડીએ ડાયરેકટ પમ્પીંગના કિસ્સા ઝડપી લીધા: ૧૩ ભુતીયા કપાત

રાજકોટ તા. ૩ :.. ન્યુ રાજકોટના વોર્ડ નં. ૨, ૧૦, ૧૨, અને ૧૪ માં વસ્ટ ઝોનની ટૂકડીએ પાણીચોરી ઝડપી લીધી છે. ભૂતિયા કનેકશન કપાત કર્યા છે.

વોર્ડ નં.૨ માં અબ્દુલભાઈ હુસેનભાઈ ચાનીયા રાજીવનગર-૨/૭ ઝોન, નુરમામદ ગનીભાઈ શકરાણી રાજીવનગર ૯/૬ ના (૨૪ કલાકનું), મનસુખભાઈ કચરાભાઈ પાનસુરીયા ભોમેશ્વર પ્લોટ, ૩ અનઅધિકૃત બીનવારસી પાયલ એપાર્ટમેન્ટ અલ્કાપુરી-૧, વોર્ડ નં. ૧૦ માં (૧) હરેશભાઈ તરશીભાઈ રામાણી ગુલાબ વાટીકા શે. નં. ૬ ઋષભ એપા. સામે, (૨) રમેશભાઈ ડોડીયા વોર્ડ નં. ૧૨ માં, કુલ ૭ બીનવારસી ભુતીયા કને. કપાત નટરાજનગર મફતીયાપરા, વોર્ડ નં. ૧૪ આર. વી. મકવાણા વૃજધામ પુર્ણિમા સોસા.નો સમાવેશ થાય છે. ભુતીયા કનેકશન કપાત-૧૩, ડાયરેકટ પમ્પીંગ-૩, રહ્યા છે.

એડી. સીટી એન્જી. કામલીયાની આગેવાની હેઠળ વાલંભીયા, ગઢીયા, વસાવા, સોલંકી, એમ. એન. શિયાણી, તથા સુતરીયાભાઈ કાર્યરત હતાં.(૨.૨૦)

પોલીસને ભાંડનાર અમીષ ગાંધીની કારમાંથી લાલલાઈટ સાયરન મળ્યા

અમદાવાદમાં જજીસ બંગલા રોડ, પકવાન, ૪ રસ્તા પાસે ખોટો ટર્ન લેનાર કાળા રંગની મોટરને પોલીસે અટકાવેલ: સીટ બેલ્ટ પણ નો'તા પહેર્યો: દંડાત્મક કાર્યવાહી પોલીસે શરૂ કરતા મોટરમાં રહેલ અમીષ જશુભાઈ ગાંધી નામના યુવાને પોલીસોને ગાળો આપવાનું શરૂ કરેલ. લોકોના ટોળા એકત્ર થતા વધુ પોલીસ બોલાવી વસ્ત્રાપુર પો. સ્ટે.ને લઈ ગયેલ. મોટરની તલાસી લેતા મોટરમાંથી પ્રતિબંધીત લાલ લાઈટ, એન્જીનમાં સાયરન અને દારૂની બોટલ મળી આવતા કાનૂની કાર્યવાહી શરૂ થયાનું જાણવા મળે છે.

સાબરમતી જેલમાં આ વર્ષે નવી ૪૦૦ કોટડીઓ બનશે: હાલની જેલ અને નવી કાચા કામની કેદીઓ માટેની જેલ વચ્ચે ૪૦ લાખના ખર્ચે ઉંચી દિવાલો થશે: ૩ હાઇ માસ્ટ લાઇટો: લાઇવ ડીસી કરન્ટવાળો વાયર અમદાવાદમાં ઓટોમેટેડ રીમોટ સ્કીન સીસ્ટમ્સ સાથે જોડાયેલ ૨૦૩ સાયરનો લગાડાશે.

પડધરી-૩, મેંદરડા-૨, માણાવદર-૨।।, વંથલી માંગરોળ-૨।।, કેશોદ-૩, તાલાળા-૧, જુનાગઢ, વેરાવળ, જામકંડોરણા-૧, માળીયા હા.-૧ ઇંચ : વાંકાનેર, મોરબી પંથકમાં વિજળી પડતા પાંચ પશુના મોત

કલાકમાં રાજુલા-૩, કુંકાવાવ-૨ ઇંચ: સોરઠમાં વધુ ૧ થી ૩ ઇંચ : રાજકોટ જિલ્લામાં ઝાપટા

રાજકોટમાં ૧૫૦ ફુટ રીંગ રોડ તથા અમીન માર્ગ આસપાસની સોસાયટીમાં ભારે વરસાદ

યુનિવર્સિટીમાં ચોવટીયા-હાથી વચ્ચે બઘડાટી : ગાળાગાળી

સરાજાહેર બનાવ અંગે ચોવટીયાનો ખુલાસો પૂછતા કમલેશ જોશીપુરા

રાજકોટ તા. ૩ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી નબળા સત્તાધીશો પર અનેકવાર માથાભારે કે માથાભરેલા તત્વો હાવી થઈ જતા હોય છે. આ સિલસિલો આગળ વધીને હવે અધિકારીઓ સુધી પહોંચ્યો છે.

બે વર્ષ અગાઉ ગેરરીતિ સબબ ઝડપાયેલ અરવિંદ ચોવટીયાએ તેનું ઈન્ક્રીમેન્ટ કેમ અટકાવ્યું તેમ કહીને મહેકમના શ્રી હાથીને સરાજાહેર કાનફાડી નાખે તેવી ગાળો ભાંડી હતી. આ હાથીની વ્હારે કોઈ ન આવતા અને ઉચ્ચ સત્તાવાળાઓ પણ નહી સાંભળે તેવા ભયથી આ અધિકારીએ તુરંત ઈન્ક્રીમેન્ટનાં વધારો કરી આપતો પરીપત્ર કાઢવાની ખાત્રી આપી હતી અને ૨૪ કલાકમાં અમલ પણ કરાવી દીધો હતો.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં છાશવારે અનિચ્છનીય બનાવો બનતા જ રહે છે પરિણામે કર્મચારીઓ અને અધિકારીઓ ભયભીત થયા છે ત્યારે યુનિવર્સિટીના સત્તાવાળાઓ કડક પગલા ભરે તેવી માંગ ઉઠી છે. દરમિયાન કુલપતિ ડો. કમલેશ જોશીપુરાએ આ બનાવની ગંભીર નોંધ લઈને અરવિંદ ચોવટીયાનો ખુલાસો પૂછયો છે.(૨૧.૪૦)

બોગસ સી ફોર્મની બોલબાલા !! કરોડો-અબજોની ચોરીની ભારે ચર્ચા : ઘી-બટર-તાંબા-કેમિકલ્સને મુખ્ય નિશાન બનાવાયું: ઘીનો ૧૦ હજાર કરોડનો વાર્ષિક વેપાર

૧૫ ટકા વેટની ચોરી કરવા ૨ ટકા કેન્દ્રિય વેચાણવેરો ભરવાની યુકિત ?! ચેક પોસ્ટ પર સિક્કો મરાવી ને માલની હેરફેર દર્શાવી રાજયમાં જ વેચી દેવાતો માલ : અદ્ભૂત કરામત ?

રાજકોટ,તા. ૩ : સેન્ટ્રલ સેલ્સ ટેકસની બે ટકાની ડયુટી જમા કરાવતા સી. ફોર્મ એટલે કે ફોર્મ નંબર ૪૦૨ પર માલ ગુજરાતની બહાર ગયો હોવાનું દર્શાવીને વેટની અબજો રૂપિયાની ચોરી કરવાની સાથોસાથ જ આવકવેરાની પણ કરોડોની ચોરી કરવામાં આવી રહી છે. આ રીતે ગુજરાત રાજયમાં કોપર, સ્ટેઈલેસ સ્ટીલના વાસણો, ટીમ્બર, ટાઈલ્સ, ઘી, બટર, દૂધનો પાઉડર અને કેમિકલ્સના વેપારીઓએ ગેરકાયદેસર અને બિલ વગરના વેપારનું ગેરકાયદે તંત્ર ખડું કરી દીધું હોવાના હેવાલો પ્રસિધ્ધ થતા ખળભાટ મચી ગયો છે. ગુજરાતની ચેકપોસ્ટ પરના ત્યા અધિકારીઓની મિલીભગતથી આ કૌભાંડ વ્યવસ્થિત રીતે ચાલી રહ્યું હોવાની અને પરિણામે રાજયને કરોડો રૂપિયાની વેટની આવક ગુમાવવી પડી રહી છે. વેટની આવક વધારવા માટે રાજય સરકારે આ ચોરીઓ રોકવા માટેનું તંત્ર જ વધુ સાબદુ કરવાની જરૂર હોવાનું વેટના નિષ્ણાંતોનું માનવું છે.

ગુજરાતમાં ઘીનો વાર્ષિક વેપાર અંદાજે રૂા. ૧૦,૦૦૦ કરોડથી વધુનો હોવાનો અંદાજ છે. આ ઘીના ધંધામાં વેટની મોટે પાયે ચોરી કરાતી હોવાનું જાણવા મળી રહ્યું છે.(૯.૩૭)

આપણુ રાજકોટ હરીયાળુ-રળીયામણુ: લાખેણા વૃક્ષ ખરીદાશે: દરખાસ્ત મંજુર

સંતકબીર રોડ, સાધુ વાસવાણી માર્ગ, નાનામવા રોડ, સત્યસાંઇ હોસ્પિટલ માર્ગ, અટીકા સહિતના ૧૦ રાજમાર્ગો પર કરાશે વૃક્ષારોપણ: રંગબેરંગી અવનવા ઝાડવાથી રસ્તા દીપી ઉઠશે: કોર્પોરેશનની સ્ટેન્ડીંગ કમિટીમાં દરખાસ્ત મંજુર: સરકારના એનર્જી ઇફીસીયન્સી પ્રોજેકટમાં ભાગ લઇ કોર્પોરેશન વીજ બીલમાં ૨૦ ટકાની રાહત મેળવશે: સ્ટેન્ડીંગમાં ૩૦ લાખની દરખાસ્તોને લીલીઝંડી

રાજકોટ તા. ૩ :ચોમાસુ ચાલી રહ્યું છે ત્યારે સમય પારખી અન કોર્પોરેશન દ્વારા શહેરના રાજમાર્ગો પર ઘનિષ્ઠ વૃક્ષારોપણ કરીને શહેરને હરિયાળુ બનાવવાની યોજના અમલમાં મુકશે આ માટે આજની સ્ટેન્ડીંગ કમીટીમાં કુલ ૧૫.૨૧ લાખનો ખર્ચ મંજુર કર્યો છે.

આ અંગે સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન કમલેશ મીરાણીએ માહીતી આપતા જણાવ્યું હતું. કે શહેરના રામેશ્વર ટી.પી.રોડ, સંતકબીર રોડને જોડતો રોડ, સુખરામનગરનો રોડ, સાધુવાસવાણી અને યુનિવર્સિટી રોડને જોડાતા રસ્તા પર સત્યસાંઇ હોસ્પિટલવાળો રોડ, સહીત કુલ ૧૦ રાજમાર્ગો ઉપર રૂા.૪.૧૦ લાખના ખર્ચે વૃક્ષારોપણ થશે કુલ ૨૦૦૦ છોડવાઓ ખરીદીને આ વૃક્ષારોપણ થશે.

આ ઉપરાંત રૂડાનગર, અમૃતા સોસાયટી અને શીવકુંજ સોસાયટીના બગીચા ત્થા રેસકોર્ષ ચોક અને જીલ્લા પંચાયત ચોક તથા કીશાનપરા ચોકમાં ટ્રાફીક સર્કલોમાં રૂા. ૧૧.૧૧ લાખના ખર્ચે કુલ છોડનો ઉછેર કરાશે.

આ વૃક્ષા રોપણમાં સમપણી, ફીસ્ટેલ, સવન, કરંજ સહીતના દેશી વિદેશી વૃક્ષો અને ફુલછોડ ઉગાડવામાં આવશે.

વિજબીલમાં બચત

આ ઉપરાંત આજથી સ્ટેન્ડીંગ કમીટીમાં રાજય સરકારના જી.યુ.ડી.સી.વિભાગ પ્રેરીત મ્યુનીસીપલ એનર્જી ઈફીસીયન્સી પ્રોજેકટમાં ભાગ લેવાની સિધ્ધાતીક મંજુરીની દરખાસ્તને પણ લીલીઝંડી અપાયેલ. મીરાણીએ જણાવ્યું હતું કે આ પ્રોજેકટમાં ભાગ લેવા માટે જી.યુ.ડી.સી.વિભાગના કોન્ટ્રાકટરો દ્વારા રાજકોટ કોર્પોરેશનના વિજ વપરાશમાં ૨૦ ટકા જેટલો ઘટાડો કરી અપાશે.

મીરાણીએ જણાવેલ કે હાલમાં રાજકોટ કોર્પોરેશને સ્ટ્રીટલાઈના રૂા. ૪ કરોડ, પાણી પમ્પીંગના ૨૨ કરોડ, ભૂગર્ભ પમ્પીંગ ૩ કરોડ મળીને કુલ રૂા.૩૦ કરોડનો ખર્ચ વિજળી બીલ પાછળ થાય છે. જેમાં ૨૦ ટકાનો ઘટાડો ઉર્જા પ્રોજેકટમાં ભાગ લેવાથી થશે લાખનો વિકાસ કામોને મંજુરી અપાઇ આમ આજની સ્ટેન્ડીંગકમીટીમાં કુલ ૩૦ હતી.(૩.૨૬)

૨૧ સદીના અંતિમ સૂર્યગ્રહણને નજીકથી જોવા ૪૧ હજાર ફુટ ઉપર હવાઇ સફર

નવી દિલ્હીથી વિમાન ઉપડશે: બિહારના ગયામાંથી હવાઇયાત્રા કરાવશે

રાજકોટ તા. ૩ :૨૧મી સદીનું અંતિમ સુર્યગ્રહણ તા.૨૨ના રોજ થશે. આ સૂર્યગ્રહણ નજીક જોવા મટે ટ્રાવેલ કંપની કોકસ એન્ડ કિન્સે વાદળો ઉપરથી એક વિમાનની હવાઇયાત્રા કરાવવામાં આવશે.

ભારતમાં સૌપ્રથમ આ ઉદેશ સાથે કંપનીએ ખાસ બોઇંગ ૭૩૭-૨૦૦ વિમાન તૈયાર કર્યુ છે. આ હવાઇ યાત્રા ૩ કલાકની કરાવવામાં આવશે અને નવી દિલ્હીથી સવારે ૪-૩૦ વાગ્યાથી શરૂ થશે.

આ વિમાન બિહારના ગયા શહેરની ઉપર ગ્રહણના સમય સુધી હવાઇ યાત્રા કરાવશે લગભગ ૪૧ હજાર ફુટ ઉપરથી

ગ્રહણને ૦૬૨૬ આઇ.એસ.ટી.ની સ્થિતીએ વિમાનમાંથી જોઇ શકાશે.

આ વિમાનમાં બારીવાળી સીટોને બે ભાગમાં વહેચવામાં આવી છે. સનસાઈડમાં ૨૧ સીટો છે. જે વિમાનની ડાબી બાજુ હશે દર્શકો માટે વિમાનમાં તમામ મુસાફરોને સુવિધાઓ અને મનોરંજન અપાશે સનસાઈડ તરફના યાત્રીકો સુર્યગ્રહકની તસ્વીર લઈ શકશે જયારે અર્થસાઈડ તરફના દર્શકો દુરથી આ સુર્યગ્રહણ જોઈ શકશે.

જો વિમાન દ્વારા આ યાત્રા કરવા ઈચ્છતા ન હો તો ઈકિલપ્સ પટના પેકેજમાં પટના પ્લેને ટેરિમીન છત ઉપરથી તથા ઈકિલપ્સ ચાઈના પેકેજમાં આ સુર્યગ્રહણ એનકિચંગ શાંધાઈ, વરીજીંગ જેવી જગ્યાએથી પણ માણી શકાશે જેને અનેક ખગોળ શાસ્ત્રીઓએ આવકાર્યુ છે.(૩.૨૭)

સેન્સેકસ ૨૬૭ તથા નીફટી ૭૮ પોઇન્ટ અપ: રેલ્વેના લગતા શેરોમાં ઉછાળો

રેલ્વે બજેટ બાદ શેરબજાર ઉછળ્યું

ખાતરના શેરોમાં ભારે કરંટ: ચંબલ ફર્ટીલાઇઝર ૯ ટકા, નાગાર્જુન ૫ ટકા, દીપક ફર્ટીલાઇઝર ૩ ટકા, આરએનઆરએલ ૭.૫૨ ટકા, સુઝલોન ૩.૩૧ ટકા, અદાણી એન્ટર. ૫ ટકા, ગ્લેન માર્ક ફાર્મા ૭.૩૩ ટકા, રિલાયન્સ ઇન્ફ્રા ૩.૪૦ ટકા, સીઇએસસી ૫.૨૮ ટકા વધ્યા

મુંબઈ, તા., ૩: આજે રેલ્વે પ્રધાન મમતા બેનર્જીએ રેલ્વે બજેટ જાહેર કર્યા બાદ શેરબજારમાં ભારે ઉછાળો આવ્યો હતો. આ લખાય છે ત્યારે સેન્સેકસ ૨૬૭ પોઇન્ટ વધીને ૧૪૯૨૭ અને નીફટી ૭૮ પોઈન્ટ વધીને ૪૪૨૮ ઉપર ટ્રેડ કરી રહયા હતા. મીડકેપ ઈન્ડેક્ષ ૦.૮૭ ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્ષ ૦.૬૧ ટકા અપ હતા.

આજે વધનારા શેરોમાં ખાતરના શેરોમાં ભારે કરંટ: ચંબલ ફર્ટીલાઈઝર ૯ ટકા, નાગાર્જુન ૫ ટકા, દીપક ફર્ટીલાઈઝર ૩ ટકા, આરએનઆરએલ ૭.૫૨ ટકા, સુઝલોન ૩.૩૧ ટકા, અદાણી એન્ટર. ૫ ટકા, ગ્લેન માર્ક ફાર્મા ૭.૩૩ ટકા, રિલાયન્સ ઈન્ફ્રા ૩.૪૦ ટકા, સીઈએસસી ૫.૨૮ ટકા વધ્યા.

આ ઉપરાંત શ્રીરામ ટ્રાન્સપોર્ટ ૭.૩૭ ટકા, હિન્દુસ્તાન કોપર ૪.૯૮ ટકા, કન્ટેનર કોર્પો. ૩.૩૮ ટકા, મહિન્દ્રા ૩.૨ ટકા, પાવર ગ્રીડ ૨.૧૦ ટકાનો સમાવેશ થતો હતો. ટાટા સ્ટીલ, એસબીઆઈ, એનટીપીસીના શેરો પણ વધ્યા હતા. જયારે ઈન્ફોસીસ, હીરો હોન્ડા, આરકોમ, સ્ટર લાઈટ, બીઈએમએલ, ભુષણ સ્ટીલ, વોલ્ટાસ, ટેક મહિન્દ્રા વિગેરેના શેરો ઘટયા હતા.(૭.૨૦)